દિવ્ય ભાસ્કર
તારીખ: ૨૭/૩/૧૯

ગુડગાંવ પોલીસ પાસે સાયબર ક્રાઈમ અંગે ટ્રેનિંગ લઈ રહેલા GTUના વિદ્યાર્થીનું ઓબ્ઝર્વેશન

# FB પર શોપિંગ ડિસ્કાઉન્ટની લિંક પર ક્લિક કરતા જ એકાઉન્ટ હેક થઈ શકે

## દિક્ષિતે માત્ર બે જ મિનિટમાં સિટી ભાસ્કરના પ્રતિનિધિનું એકાઉન્ટ હેક કરી બતાવ્યુ

CB EXCLUSIVE

વિજય ચૌહાણ vijay.chauhan@dbcorp.in

ફેસબુકથી શોપિંગ કરવાવાળા થઈ જાવ સાવધાન , ફેસબુક પર આવનારી ડિસ્કાઉન્ટવાળી લિંક પર ક્લિક કરવાથી એકાઉન્ટ હેક થઈ ગણતરીની મિનિટમાં તમારો ડેટા કોપી થઈને હેકર્સ પાસે પહોંચી જાય છે. મોટાભાગના કિસ્સાઓમાં ફિશિંગ એટેક અને મારવેલ એટેકથી હેકર્સ હેકિંગ કરતા હોય છે. જેમાં સૌથી વધુ છોકરીઓ હેકિંગનો ભોગ બનતી હોવાનું સામે આવ્યું છે. ગુડગાંવ પોલીસ દ્વારા હાલ 20 દિવસનો સાયબર ક્રાઈમ પર ટ્રેનિંગ પ્રોગ્રામ ચલાવવામાં આવી રહ્યો છે જેમાં તાલિમ લઈ રહેલા જીટીયુના વિદ્યાર્થી દિક્ષિત પ્રજાપતિએ હેકર્સ કેવી રીતે વોટ્સઅપ અને ફેસબુક ગણતરીની મિનિટમાં હેક કરી નાખે તે અંગે જણાવ્યુ હતુ. અમે જ્યારે દિક્ષિતને હેકિંગ કેવી રીતે શક્ય છે તેની ખરાઈ કરવા કહ્યું ત્યારે તેણે અમારા પ્રતિનિધિના માત્ર ઈ-મેઈલ આઈડીના આધારે બે જ મિનિટમાં તેનુ ફેસબુક એકાઉન્ટ સફળતાપૂર્વક હેક કરી બતાવ્યુ હતું.

## જો ફેસબુક પર આ ભૂલ કરી તો બે મિનિટમાં હેક થઈ જશે એકાઉન્ટ




### છોકરીઓ કેવી રીતે બને છે ફૂલ

હેકર્સ છોકરીઓના એકાઉન્ટમાં તેઓ શોપિંગ માટે ક્યા પેજ લાઈક કરે છે તેની માહિતી લે છે ત્યાર બાદ તેઓને શોપિંગમાં ડિસ્કાઉન્ટની ઓફર આપતી લિંક જે તે કંપનીના ડમી પેજ બનાવીને મોકલે છે. જ્યારે યુઝર્સ લિંક પર ક્લિક કરે છે ત્યારે તેની માહિતી ફિશિંગ એટેક દ્વારા કોપી થવા લાગે છે 10 મિનિટના ગાળામાં તમારા ફોટોગ્રાફ, મેસેજ અને ઈમેઈલ આઈડીના પાસવર્ડ ચોરી કરીને ફોર્ડ કરવામાં આવે છે

### છોકરાઓ આ રીતે ફસાય છે જાળમાં

છોકરાઓને ગર્લ્સના નામના એકાઉન્ટ પરથી રિક્વેસ્ટ મોકલવામાં આવે છે પછી હેકર્સ લિંક મોકલાય છે. તેના પર ક્લિક થતા જ ફિશિંગ એટેકે શરૂ કરી દે છે જેના કારણે તેઓ હેકિંગમાં ફસાતા હોય છે.આ સિવાય ઓનલાઈન શોપિંગની ડિસ્કાઉન્ટવાળી લિંક અને જોબ ઓફરવાળી લિંક પર ક્લિક કરવાના કારણે પણ છોકરાઓ ફ્રોડનો ભોગ બને છે.

### સાયબર ક્રાઈમના કેસમાં હું આપણી પોલીસને મદદ કરીશ

દિક્ષિત પ્રજાપતિ, સ્ટુડન્ટ



અત્યારે હું ગુડગાંવમાં જે તાલિમ મેળવી રહ્યો છું તે નોલેજનો ઉપયોગ કરીને હું ગુજરાત પોલીસને સાયબર ક્રાઈમના કેસ સોલ્વ કરવામાં મદદ કરીશ. ઘણી બાબતો એવી હોય છે જેમાં પોલીસ પણ કેસ સોલ્વ કરી શકતી નથી. હું આ પહેલા પણ પોલીસ સાથે લોકેશન ટ્રેસ, મોબાઈલ ટ્રેસ માટે કામ કરી ચૂક્યો છું.

### ગુજરાત પોલીસ જીટીયુના સ્ટુડન્ટસના નોલેજનો યુઝ કરશે

રાજદિપસિંહ ઝાલા, અધિક નાયબ પોલીસ કમિશનર, ક્રાઈમ બ્રાન્ચ



ગુજરાત પોલીસમાં ઘણા સાયબર એક્સપર્ટ છે પણ ઘણા કિસ્સાઓમાં અમને એથિકલ હેકર્સની જરૂર પડે છે ત્યારે શહેરની કોલેજમાં જો સાયબર એક્સપર્ટ સ્ટુડન્ટસ હશે તો અમે તેઓની પણ સાયબર કેસ સોલ્વ કરવામાં મદદ લઈશુ.